અગાઉની સેવામાં કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ હોય તેને નવી સેવામાં માન્ય ગણવા બાબત.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
ઠરાવ ક્રમાંક:પરચ-૧૦૨૦૦૫-૧૫૩૨-પાર્ટ-૩-ક
સચિવાલય, ગાંધીનગર
તા.૧૮/૦૯/૨૦૨૫.

વંચાણે લીધા:

સામાન્ય વહીવટ વિભાગનો ઠરાવ ક્રમાંક: પરચ-૧૦૨૦૦૫-૧૫૧૯-પાર્ટ-૧-ક, તા.૨૧/૧૨/૨૦૨૪.

**આમુખ::-**

ઉક્ત વંચાણે લીધેલ સામાન્ય વહીવટ વિભાગના તા.૨૧.૧૨.૨૦૨૪ના ઠરાવથી રાજ્ય સરકાર, રાજ્ય સરકાર હસ્તકના બોર્ડ કે કોર્પોરેશન અથવા કોર્ટની સેવામાંથી રાજ્ય સરકાર, રાજ્ય સરકાર હસ્તકના બોર્ડ કે કોર્પોરેશન અથવા કોર્ટની સેવામાં નિમણૂક મેળવતા કર્મચારીએ જો અગાઉની સેવા દરમિયાન કોમ્પ્યુટર કૌશલ્ય (CCC/CCC+)ની તાલીમ મેળવેલ હોય તથા નિયત પરીક્ષા પાસ કરેલ અને નવી સેવામાં પણ જો તે જ કોમ્પ્યુટર કૌશલ્ય (CCC/CCC+)ની પરીક્ષા પાસ કરવાની રહેતી હોય તો, તેવા કિસ્સામાં જે તે કર્મચારી/અધિકારીએ અગાઉની સેવામાં પાસ કરેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષાને માન્ય ગણવાનું ઠરાવવામાં આવેલ છે.

ઉક્ત સેવાઓ ઉપરાંત સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ કે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના તાબામાં આવતાં અન્ય એકમોમાં બજાવેલ ફરજ દરમિયાન કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ હોય તો તેને પણ માન્યતા આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ::-**

આથી પુખ્ત વિચારણાના અંતે ઠરાવવામાં આવે છે કે, કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરવી જરૂરી હોય તેવી સેવામાં જોડાતા પૂર્વે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ કે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના તાબામાં આવતાં અન્ય એકમોમાં બજાવેલ એડહોક/કરાર આધારિત/નિયમિત ધોરણે સેવા દરમિયાન કોમ્પ્યુટર કૌશલ્ય અંગેના રાજ્ય સરકારના વખતો-વખતના ઠરાવોથી માન્યતા પ્રાપ્ત પરીક્ષા કેન્દ્રો પરથી કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા

પાસ કરેલ હશે તો તેને પણ નવી સેવામાં માન્ય ગણવાની રહેશે.

ઉક્ત વંચાણે લીધેલ તા.૨૧.૧૨.૨૦૨૪ના ઠરાવની અન્ય જોગવાઇઓ યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( આદિત્ય આર દેસાઇ )
ઉપ સચિવ
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

- માન .રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી.
- માન .મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી.
- માન .મંત્રીશ્રી/રા.ક.મંત્રીશ્રીઓના અંગતસચિવશ્રીઓ.
- મુખ્યસચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર. *
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર. *
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર. *
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર. *
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર. *
- સચિવશ્રી,ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ,ગાંધીનગર. *
- રજીસ્ટ્રારશ્રી,ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ. *
- ઉપસચિવશ્રી, HRMS સેલ, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- ડાયરેકટર જનરલશ્રી, સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા, અમદાવાદ.

- (સચિવાલયના સર્વે વિભાગો) તેઓની હેઠળ આવતા સર્વે ખાતાના વડાઓ તથા ખાતાના વડા હેઠળની કચેરીઓને ઉપર્યુક્ત સૂચનાઓની જાણ તથા અમલવારી કરવાની વિનંતી સહ.
- સામાન્ય વહીવટ વિભાગના સર્વે અધિકારીઓ/સર્વે શાખાઓ.
- સિસ્ટમ મેનેજરશ્રી, સામાન્ય વહીવટ વિભાગની વેબસાઈટ પર પ્રસિદ્ધિ અર્થે.
- નાયબ સેકશન અધિકારી (સિલેકટ ફાઇલ/શાખા સિલેકટ ફાઇલ) ૨૦૨૫.

---

* પત્ર દ્વારા